**આંક–૧૭**

**<u>મજુર અદાલત નંબર–૧,ભરૂચના પ્રમુખ અધિકારી શ્રી એસ.જી.ડોડીયા સમક્ષ</u>**

**રેફરન્સ (એલસીબી) નંબર–૬૭/૨૦૧૫**

**પ્રથમ પક્ષકારઃ–** મેનેજરશ્રી,
રીએકટીવ પોલીમર્સ લી.,
અણખી–વાવલી રોડ,મુ.પો.અણખી,
તા.જંબુસર,જી.ભરૂચ.

**વિરૂદધ**

**બીજા પક્ષકારઃ–** શ્રી પટેલ મિતુલભાઇ જયંતિભાઇ.
ઠે.અમીન ખડકી પાસે, મુ.પો.દરાપુરા,
તા.પાદરા, જી.વડોદરા.

**હાજર રહ્યાઃ–** પ્રથમ પક્ષકાર તરફે ગેરહાજર.
બીજા પક્ષકાર તરફે પ્રતિનિધિ શ્રી આસિફભાઇ શેખ.

## <u>–ઃ– ચુકાદો –ઃ–</u>

(૧) હાલનો રેફરન્સ ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૧૦(૧) અન્વયે મદદનીશ શ્રમ આયુકતશ્રીના તા.૧૫/૦૬/૨૦૧૫ ના આંક–૧ ના હુકમથી નીચે જણાવેલ અનુસુચિ અનુસંધાને ન્યાયિક નિર્ણય કરવા માટે સુપરત કરવામાં આવેલ છે.

## <u>–ઃ– અનુસુચિ –ઃ–</u>

શ્રી પટેલ મિતુલભાઇ જયંતિભાઇને તેમની મૂળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

(૨) આ કામે રેફરન્સ દાખલ થતાં પક્ષકારોને નોટીસ કરતાં બીજા પક્ષકાર દ્વારા આંક–૭ થી માંગણાનું નિવેદન રજુ કરી જણાવેલ છે કે,બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા.૧૬/૦૨/૨૦૧૩ થી કવોલીટી આસીસ્ટન્ટ તરીકે માસિક રૂ.૧૧,૦૦૦/– ના પગારથી નોકરીની ફરજો ખુબ જ ખંત અને વફાદારી પૂર્વક બજાવતા હતા.

પ્રથમ પક્ષકાર કંપની એ ફર્નિચર અને સોફા બનાવી ગોદરેજ લી.કંપનીને સપ્લાય કરનારી કંપની છે. જયાં માત્ર પીવીસી અને ફબ્રીકના સોફા બનાવવામાં આવે છે. કંપનીમાં ૨૫૦ કરતા વધારે કામદારો કામ કરે છે. કંપનીની આર્થિક પરિસ્થિતિ ઘણી જ સારી અને સધ્ધર છે. કંપનીને ઔદ્યોગિક વિવાદ ધારો

૧૯૪૭, ફેકટરી એકટ,મોડલ સ્ટેન્ડીંગ ઓર્ડર્સ એકટ, પેમેન્ટ ઓફ વેજીસ એકટ, ગ્રેજ્યુઇટી એકટ, એમ્પ્લોઇઝ કોમ્પેન્સેશન એકટ વગેરે કામદારોને લગતા કાયદાઓ લાગુ પડે છે.

બીજા પક્ષકાર તા.૧૬/૦૨/૨૦૧૩ થી કવોલીટી આસીસ્ટન્ટ તરીકે ખંત તથા નિષ્ઠાપુર્વક ફરજ બજાવતા હતા.તેઓના નિમણુંક પત્રમાં પરચેઝ ઓફિસરનો હોદ્દો લખેલ છે. પરંતુ તેઓને માત્ર છ મહિના માટે જ પરચેઝનું કામ સોંપેલ હતું. ત્યારબાદ તા.૦૧/૦૭/૨૦૧૩ ના રોજના પત્રમાં કવોલીટી અને એકાઉન્ટ તરીકેનો હોદ્દો આપેલ હતો. તેઓ કવોલીટી ખાતામાં સોફાનું ઇન્સ્પેકશન, પીવીસી ચેકીંગ, વુડ ચેકીંગ અને રો મટીરીયલ ચેકીંગ તેમજ કવોલીટી રીપોર્ટનું કામ કરતા હતા. બીજા પક્ષકાર સંસ્થામાં સળંગ એક વરસ આંઠ માસ ફરજ બજાવેલ છે. નોકરીના સમયગાળા દરમ્યાન તેઓનો કોઇપણ પ્રકારનો વાંક કે ગુન્હો બનેલ નથી.

બીજા પક્ષકારને તા.૦૧/૦૭/૨૦૧૩ ના રોજ નિમણુંક પત્ર આપવામાં આવેલ હતો. જેમાં તેઓને ઓફિસરનો હોદ્દો આપવામાં આવેલ હતો. પરંતુ તેઓને કોઇપણ પ્રકારની વહીવટી કે આર્થિક સત્તા આપવામાં આવેલ ન હતી. તેઓને નોકરીમાં સર્વિસ અંગેનું સર્ટિફિકેટ આપવામાં આવેલ હતું. તેઓને તા.૧૦/૦૮/૨૦૧૪ ના રોજ રેગ્યુલરાઇઝ કરતો પત્ર આપવામાં આવેલ હતો.

સદર પત્રમાં તેઓને પ્રોબેશન માટે રાખેલ છે તેવું ગેરકાયદેસરનું લખાણ કરવામાં આવેલ હતું. ખરેખર તેઓને છુટા કરવાનું નકકી કરી તા.૧૦/૦૮/૨૦૧૪ નો પત્ર આપવામાં આવેલ હતા. તેઓને કોઇપણ પ્રકારની વહીવટી સત્તા ન હતી. કોઇને નિમણુંક કરવાની, કોઇ કર્મચારીને છુટા કરવાની, કોઇની રજા પાસ કરવાની કે ચાર્જશીટ કે મેમો આપવાની સત્તા તેઓને ન હતી. તેઓના હાથ નીચે કોઇ કર્મચારી ન હતા.તેઓને કોઇ કર્મચારીનું સુપરવિઝન કરવાનું ન હતુ.

બીજા પક્ષકાર તા.૨૫/૦૯/૨૦૧૪ ના રોજ તેમની ફરજ ઉપર હાજર હતા ત્યારે પુલીન શાહ સાહેબે તેઓને પોતાની કેબીનમાં બોલાવેલ અને તેમની પાસેથી રાજીનામું માંગેલ હતું.તેઓને કહેવામાં આવેલ કે તેઓ જે પ્રમાણે રાજીનામું લાખાવે તે પ્રમાણે લખી આપો તો જ પગાર અને દિવાળીનું બોનસ મળશે.જો તમે રાજીનામું ન આપો તો તમને ટર્મીનેટ કરતો પત્ર તમારા ઘરે મોકલીશું. ત્યાર બાદ તેઓ તા.૨૬/૦૯/૨૦૧૪ ના રોજ ફરજ ઉપર હાજર થવા કંપની ઉપર ગયા તો તેઓને હાજર કરી લીધેલ નહિં. ત્યાર બાદ ફોન દ્વારા તેઓને પુલીન શાહ સાહેબે આવવું નહિં તેમ જણાવેલ. પરંતુ કોઇ હિસાબ આપેલ નથી. ત્યાર બાદ પ્રથમ પક્ષકારે તેઓને તા.૧૧/૧૦/૨૦૧૪ ના રોજનો છુટા કરવાનો પત્ર ઘરે મોકલાવેલ હતો. જેમાં કરવામાં આવેલ આક્ષેપો અને આરોપો સાચા નથી. અને તે તેઓને કબુલ મંજુર

નથી. તેઓએ તેમના કાયદેસરના હકકો અને પગાર, બોનસ અને રજાના પગારની માંગણી કરેલ હતી. તેઓને સીકયુરીટી ખાતાના વોચમેન કંપનીમાં અંદર જવા દેતા નથી.

બીજા પક્ષકારને ગેરકાયદેસર રીતે છુટા કરવામાં આવેલ છે. તેઓને છુટા કરતી વખતે કોઇપણ પ્રકારની નોટીસ, નોટીસ પગાર કે છટણી વળતર ચુકવવામાં આવેલ નથી. તેઓને બચાવની તક આપવામાં આવેલ નથી. તેઓની વિરૂધ્ધ ખાતાકીય તપાસ કરવામાં આવેલ નથી. તેઓના કોઇપણ જાતના વાંક ગુના વગર છુટા કરવામાં આવેલ છે.

બીજા પક્ષકારને છુટા કર્યા બાદ તેઓએ બરોડા લેબર યુનિયનનો સંપર્ક કરેલ. યુનિયને કંપનીને તા.૨૨/૧૦/૨૦૧૫ ના રોજ પત્ર લખેલ હતો. તેમ છતાં કંપનીએ તેઓને હાજર કરેલ નહિં. તેથી મદદનીશ શ્રમ આયુકતશ્રી સમક્ષ ફરીયાદ કરેલ હતી. જયાં કંપની તરફથી કોઇ હાજર રહેલ નહિં તેથી સદર વિવાદ ન્યાય નિર્ણય માટે રેફરન્સ કરવામાં આવેલ છે.

બીજા પક્ષકારને છુટા કર્યા બાદ તેઓએ નોકરી મેળવવા પ્રયત્ન કરેલ. પરંતુ તેઓને નોકરી મળેલ નથી. અને હાલમાં તેઓ બેકાર છે. કંપની તેઓને ફરજ ઉપર બોલાવે તો જવા તૈયાર છે.

સબબ પ્રથમ પક્ષકાર બીજા પક્ષકારને પડેલા દિવસોના પુરેપુરા પગાર તથા અન્ય તમામ લાભો સહિત સળંગ નોકરી ગણી નોકરીની મુળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરે તેવો હુકમ પ્રથમ પક્ષકારને ફરમાવવા તથા કંપનીનું બીજા પક્ષકારને તા.૨૫/૦૯/૨૦૧૪ ના રોજથી મૌખિક હુકમથી અને ત્યારબાદ તા.૧૧/૧૦/૨૦૧૫ ના રોજના પત્ર આપી છુટા કરવાનું પગલુ ગેરકાયદેસર અને અન્યાયી ઠરાવી રદબાદલ જાહેર કરવાનો હુકમ ફરમાવવા તથા નામ.કોર્ટને યોગ્ય લાગે તેવી અન્ય હરકોઇ દાદ અપાવવા તથા આ કામનો ખર્ચ રૂ.૫,૦૦૦/– પ્રથમ પક્ષકારો પાસેથી અપાવવાની દાદ માંગેલી છે.

(૩) આ કામે પ્રથમ પક્ષકારને નોટીસની બજવણી થયેલ હોવા છતાં તેઓ તરફે જવાબ રજુ ન થતાં બીજા પક્ષકારની આંક–૮ ની અરજી નીચે થયેલ હુકમના આધારે પ્રથમ પક્ષકારનો જવાબનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૪) આ કામે પક્ષકારો તરફે નીચે મુજબના પુરાવા રજુ કરવામાં આવેલા છે.

**બીજા પક્ષકાર તરફેઃ–**

**મૌખિક પુરાવાઃ–**

(૧) આંક–૧૨ બીજા પક્ષકાર શ્રી પટેલ મિતુલ જયંતિભાઇની સોગંદનામા સ્વરૂપે સરતપાસ.

**<u>લેખિત પુરાવાઃ-</u>**

(૧) આંક-૭ માંગણાનું નિવેદન.

(૨) આંક-૮ પ્રથમ પક્ષકારનો જવાબનો હકક બંધ કરવા બાબતે અરજી.

(૩) આંક-૧૩ પ્રથમ પક્ષકારનો ઉલટતપાસનો હકક બંધ કરવા બાબતે અરજી.

(૪) આંક-૧૪ કલોઝીંગ પુરશીસ.

(૫) આંક-૧૫ પ્રથમ પક્ષકારનો પુરાવાનો હકક બંધ કરવા બાબતે અરજી.

(૬) આંક-૧૬ પ્રથમ પક્ષકારનો દલીલનો હકક બંધ કરવા બાબતે અરજી.

**<u>પ્રથમ પક્ષકાર તરફેઃ-</u>**

આ કામે પ્રથમ પક્ષકાર તરફે કોઈ મૌખિક કે લેખિત પુરાવો રજુ રાખવામાં આવેલ નથી.

**(૫)** આ સિવાય બીજા કોઇ પુરાવાઓ બંન્ને પક્ષ તરફથી રજુ રાખવામાં આવેલ નથી. પુરાવાના અંતે આ કામે બીજા પક્ષકારના પ્રતિનિધિ શ્રી આસિફભાઇ શેખની દલીલો સાંભળી. તેઓએ તેમની દલીલમાં માંગણાના નિવેદનમાં માંગ્યા મુજબની દાદ મંજુર કરવા વિનંતી કરેલ છે.

**(૫/૧)** પ્રથમ પક્ષકાર કે તેમના વિદ્બાન વકીલશ્રીએ આ કામે હાજર રહી તેમની દલીલ રજુ રાખેલ નથી. બીજા પક્ષકારની આંક-૧૬ ની અરજીના આધારે પ્રથમ પક્ષકારનો દલીલનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

**(૬)** ઉપરોકત તમામ હકીકતમાં આ કામે મારા ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**<u>મુદ્દાઃ-</u>**

૧) શું બીજા પક્ષકાર સાબિત કરે છે કે, તેઓ માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર બને છે ?

૨) શું હુકમ ?

**(૭)** આ કામે ઉપરોક્ત મુદ્દાઓના મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

**<u>નિર્ણયઃ-</u>**

૧) અંશતઃ હકારાત્મક.

૨) આખરી હુકમ મુજબ.

(૮) આ કામે ઉપરોક્ત મુદ્દાઓના મારા ન્યાયિક નિર્ણયના કારણો નીચે મુજબ છે.

**<u>કારણો:-</u>**

**<u>મુદ્દા નંબર (૧-૨):-</u>**

આ કામે બીજા પક્ષકારે પોતાનો રેફરન્સ કેસ પુરવાર કરવા માટે આંક-૧૨ થી એફીડેવીટ ઉપર સરતપાસ રજુ રાખેલ છે. તેમાં તેઓએ આંક-૭ ના માંગણાના નિવેદનને સમર્થનકારક જુબાનીનું નિવેદન રજુ કરેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓને પ્રથમ પક્ષકાર દ્વારા તા.૨૫/૦૯/૨૦૧૪ ના રોજથી કોઇપણ જાતના વાંક કે ગુના વગર ગેરકાયદેસર રીતે છુટા કરવામાં આવેલ. બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા.૧૬/૦૨/૨૦૧૩ ના રોજથી કવોલીટી આસીસ્ટન્ટ તરીકે માસિક રૂ.૧૧,૦૦૦/- ના પગારથી નોકરીની ફરજ ખુબ જ ખંત અને વફાદારીપૂર્વક બજાવતા હતા. બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે તેઓના કોઇપણ જાતના વાંક કે ગુના વગર આપવી જોઇતી પૂર્વ નોટીસ આપ્યા વિના કે ચુકવવા જોઇતા નોકરીના હક્ક હિસ્સાના નાણાં કે કાયદેસરના હક્કો ચુકવ્યા વિના એકાએક છુટા કરેલા છે. બીજા પક્ષકારનો નોકરીનો રેકર્ડ ચોખ્ખો હતો. તેઓને છુટા કરતા અગાઉ કોઇ નોટીસ કે નોટીસ પગાર ચુકવેલ નથી. જેથી પ્રથમ પક્ષકારનું બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરવાનું કૃત્ય તદ્દન ગેરકાયદેસર અને ગેરવ્યાજબી હોય રદ થવાને પાત્ર છે. સદર સોગંદ ઉપરની જુબાની બીજા પક્ષકારના માંગણાના નિવેદનની હકીકતને સંપુર્ણ સમર્થન આપે છે.

(૯/૧) આ કામે પ્રથમ પક્ષકારને પુરતી અને વ્યાજબી તક આપવા છતાં બીજા પક્ષકારની ઉલટતપાસ કરેલી નથી. જેથી બીજા પક્ષકારની આંક-૧૩ ની અરજી અન્વયે પ્રથમ પક્ષકારનો ઉલટ તપાસનો હક્ક બંધ કરવામાં આવેલ છે. ત્યાર બાદ પ્રથમ પક્ષકારના પુરાવા ઉપર કામ રાખતાં પ્રથમ પક્ષકાર તરફથી કોઇ પુરાવો રજુ થયેલ નથી. પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારના મૌખિક પુરાવાને પડકારેલ નથી. જેથી માંગણાના નિવેદનની હકીકતો જેવી કે તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા.૧૬/૦૨/૨૦૧૩ ના રોજથી કવોલીટી આસીસ્ટન્ટ તરીકે માસિક રૂ.૧૧,૦૦૦/-ના પગારથી નોકરીની ફરજ ખુબ જ ખંત અને વફાદારીપૂર્વક બજાવતા હતા. તથા તેઓને કાયદેસરના હક્કો પ્રથમ પક્ષકારે ચુકવી આપેલ નથી. તથા તેઓને તા. ૨૫/૦૯/૨૦૧૪ ના રોજથી કોઇપણ જાતના વાંક કે ગુના વગર નોકરીમાંથી છુટા કરી દીધા છે, છુટા કરતાં પહેલા કોઇ નોટીસ કે નોટીસ પગાર આપ્યા નથી કે કાયદેસરના હક્ક હિસ્સાના નાણાં કે કાયદેસરના હક્કો ચુકવેલ નથી. જેથી ઔદ્યોગિક વિવાદ ધારાની

કલમ ૨૫ (એફ) નો ભંગ થયેલાનું સ્પષ્ટ તારણ થાય છે.જેથી બીજા પક્ષકારને તેમની નોકરીની મુળ જગ્યા ઉપર પુનઃસ્થાપિત થવાનો હક્ક અને અધિકાર મળે છે. જેથી તેઓની સોગંદ ઉપરની હકીકતોને જયારે પ્રથમ પક્ષકાર દ્વારા પડકારવામાં આવેલ નથી ત્યારે તેને ન માનવાને કોઇ કારણ નથી. આ કામે બીજા પક્ષકારના કામનો પ્રકાર જોતાં તેઓને ૨૦ % બેકવેજ સાથે તેમની સળંગ નોકરી ગણી તેમને પ્રથમ પક્ષકાર સંસ્થામાં મુળ જગ્યાએ આનુષાંગિક લાભો સાથે પુનઃસ્થાપિત કરવા સંદર્ભેનો હુકમ કરવામાં આવે તો તે ન્યાયી અને વ્યાજબી ગણાશે. તેથી મુદ્દા નંબર–૧ નો જવાબ આંશિક હકારમાં આપી મુદ્દા નંબર–૨ અન્વયે આખરી ન્યાયી આદેશ નીચે મુજબ કરવામાં આવે છે.

## –:– આખરી હુકમ –:–

(૧) બીજા પક્ષકારનો રેફરન્સ (એલ.સી.બી) નંબર–૬૭/૨૦૧૫ અંશતઃ મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના પ્રથમ પક્ષકાર રીએકટીવ પોલીમર્સને હુકમ કરવામાં આવે છે કે, તેઓએ આ એવોર્ડ પ્રસિધ્ધ થયે દિન–૩૦ માં બીજા પક્ષકારને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના ૨૦ % પગાર સાથે તથા સળંગ નોકરીથી પુનઃસ્થાપિત કરવા.

(૩) રેફરન્સ કેસના સંજોગો જોતાં પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને ખર્ચ પેટે રૂ.૧,૦૦૦/– ( અંકે રૂપિયા એક હજાર પુરા ) ચુકવી આપવા.

(૪) સદર હુકમની નકલ ધી આઇ.ડી.એકટની કલમ ૧૧(૧૦) મુજબ પ્રિન્સીપાલ સિનીયર સિવીલ કોર્ટ, ભરૂચને મોકલી આપવી.

( Sandipsinh. G. Dodiya )
UIC No : GJ00902
Presiding Officer (SD)
Labour Court No : 1
Bharuch

Place : Bharuch
Date : 05/04/2018

Smt.S.K.Bhavsar
Stenographer